# ✻ 12. कङ्कणस्य तु लोभेन ✻

[**પ્રસ્તાવના :** સંસ્કૃતભાષામાં રચાયેલી અને સંસ્કૃતસાહિત્યનું અભિન્ન અંગ બની ગયેલી પ્રાણીકથાઓ આખાય વિશ્વમાં પ્રસરી છે. તેમાં વિષ્ણુશર્મા નામના નીતિશાસ્ત્રજ્ઞ વિદ્વાનની રચના મનાતા પંચતંત્ર અને નારાયણ ભટ્ટ નામના નીતિશાસ્ત્રજ્ઞ વિદ્વાનની રચના મનાતા હિતોપદેશ નામના બે ગ્રંથોમાં સંગૃહીત પ્રાણીકથાઓ સવિશેષ છે. આ કથાઓમાં ભરપૂર મનોરંજન છે. તે સાથે વાચકમાં વિચક્ષણતા પ્રકટે અને ચતુરાઈ પણ આવે એવા પ્રકારનું સરસ કથાવસ્તુ કલ્પવામાં આવ્યું છે. કથાના વાચન પછી માણસમાં પ્રકટેલી વિચક્ષણતા અને ચતુરાઈ માત્ર રાજકીય કે નીતિશાસ્ત્રને લગતા વ્યવસાયમાં જ ઉપકારક બની ન રહે, પરંતુ વાચકના પોતાના જીવનમાં પણ ગુણાત્મક પરિવર્તન લાવે, એવા પ્રકારનું લક્ષ્ય પણ આ કથાકારોએ રાખ્યું છે.

હિતોપદેશ પ્રસ્તુત પાઠનો સ્રોત છે. નીતિશાસ્ત્રના આ અમરગ્રંથના પ્રારંભમાં આવતી પ્રથમ કથા કે જે લુબ્ધપથિક કથાના શીર્ષકથી જાણીતી બનેલી છે તેને અહીં સંપાદિત કરીને મૂકવામાં આવી છે. એક વૃદ્ધ વાઘ શિકારને પોતાની જાળમાં ફસાવવા માટે ત્યાગી અને દાતાનું રૂપ ધારણ કરે છે. પોતાની પાસે રહેલા સોનાના કંકણને લેવા માટે કોઈ તો આવો, એવી ટહેલ નાખનાર આ વાઘ પોતાની લોભામણી વાતોમાં નિર્દોષને ફસાવીને શિકાર કરવાની ખેવના ધરાવે છે. છેવટે વાઘની લોભામણી વાતોમાં એક લોભી મુસાફર ફસાય છે અને છેવટે મરણને શરણ થાય છે.

વાઘે આખી જિંદગી પશુઓનો શિકાર કરીને પસાર કરી છે. હવે વૃદ્ધાવસ્થામાં શિકાર કરવાની તાકાત રહી નથી, તેથી તે કંકણનો લોભ આપીને શિકાર કરવાનું વિચારે છે. એના આ વિચારની પૃષ્ઠભૂમિમાં માણસનું લોભીપણું છે. જાણે-અજાણે અહીં એ વાત ઉપસી આવે છે કે વાઘની લોભામણી વાતોમાં કોઈ પશુ કે પક્ષી ફસાવાનું નથી. ફસાવાની શક્યતા છે તો તે માત્ર માણસની જ છે કેમ કે પશુ-પક્ષીઓ કરતાં માણસમાં વધારે લોભ પ્રવર્તે છે. કથાસાર એ છે કે જો પથિક કંકણના લોભમાં પડ્યો ન હોત, તો તેને પ્રાણ ગુમાવવાનો વારો પણ ન આવ્યો હોત.]

---

अथ प्रासादपृष्ठे सुखोपविष्टानां राजपुत्राणां पुरस्तात् प्रस्तावक्रमेण पण्डितोऽब्रवीत्–भो राजपुत्राः शृणुत–

काव्य–शास्त्र–विनोदेन कालो गच्छति धीमताम्।

व्यसनेन तु मूर्खाणां निद्रया कलहेन वा ॥ 1 ॥

तद्भवतां विनोदाय काक–कूर्मादीनां विचित्रां कथां कथयिष्यामि। राजपुत्रैः उक्तम् – आर्य ! कथयतु। पण्डितः उवाच – शृणुत यूयम्। सम्प्रति मित्रलाभः प्रस्तूयते। तत्र इयं प्रथमा कथा।

कङ्कणस्य तु लोभेन मग्नः पङ्के सुदुस्तरे।

वृद्ध–व्याघ्रेण सम्प्राप्तः पथिकः सम्मृतो यथा ॥ 2 ॥

राजपुत्राः ऊचुः – कथम् एतत् ? सोऽब्रवीत् – अस्ति दक्षिणारण्ये एकः वृद्धः व्याघ्रः। सः स्नातः कुशहस्तः सरस्तीरे ब्रूते – भो भोः पान्थाः ! इदं सुवर्णकङ्कणं गृह्यताम्। ततः लोभाकृष्टेन केनचित्पान्थेन आलोचितं यत् भाग्येन एतत्सम्भवति। किन्तु अस्मिन् आत्मसन्देहे प्रवृत्तिः न विधेया। यतः –

अनिष्टादिष्टलाभेऽपि न गतिर्जायते शुभा।

यत्रास्ते विषसंसर्गोऽमृतं तदपि मृत्यवे ॥ 3 ॥

किन्तु सर्वत्र अर्थार्जनप्रवृत्तौ सन्देहः एव। तथा चोक्तम्–

न संशयम् अनारुह्य नरो भद्राणि पश्यति।

संशयं पुनरारुह्य यदि जीवति पश्यति ॥ 4 ॥

तन्निरूपयामि तावत्। प्रकाशं ब्रूते – कुत्र तव कङ्कणम् ? व्याघ्रः हस्तं प्रसार्य दर्शयति। पान्थोऽवदत्–कथं मारात्मके

त्वयि विश्वासः ? व्याघ्रः उवाच – शृणु रे पान्थ ! प्रागेव यौवनदशायाम् अहम् अतीव दुर्वृत्तः आसम्। अनेक–गो–मानुषाणां वधात् मे पुत्राः मृताः दाराश्च। वंशहीनः चाहं जातः। ततः केनचिद्धार्मिकेण अहम् उपदिष्टः – दानधर्मं चरतु भवानिति। तदुपदेशात् इदानीम् अहं स्नानशीलः दाता वृद्धः गलितनखदन्तः न कथं विश्वासभूमिः ? मम चैतावान् लोभविरहः येन स्व–हस्त–स्थम् अपि सुवर्ण–कङ्कणं यस्मै कस्मैचित् दातुम् इच्छामि। त्वं च अतीव दुर्गतः। तेन तत्तुभ्यं दातुं सयत्नोऽहम्। तदत्र सरसि स्नात्वा सुवर्णकङ्कणम् इदं गृहाण।

ततो यावदसौ तद्वचःप्रीतः लोभात् स्नातुं सरः प्रविष्टः, तावन्महापङ्के निमग्नः, पलायितुम् अक्षमः। तं पङ्के पतितं दृष्ट्वा व्याघ्रोऽवदत् – अहह ! महापङ्के पतितोऽस्मि। अतः त्वाम् अहम् उत्थापयामि। इत्युक्त्वा शनैः शनैरुपगम्य तेन व्याघ्रेण धृतः स पान्थोऽचिन्तयत् –

न धर्म–शास्त्रं पठतीति कारणं
न चापि वेदाध्ययनं दुरात्मनः।
स्वभाव एवात्र तथातिरिच्यते
यथा प्रकृत्या मधुरं गवां पयः ॥ 5 ॥

तन्मया भद्रं न कृतं यदत्र मारात्मके विश्वासः कृतः इति चिन्तयन्नेवासौ व्याघ्रेण धृत्वा व्यापादितः खादितश्च।

## ટિપ્પણી

**प्रासादपृष्ठे ( प्रासादस्य पृष्ठम्, तस्मिन् – ष.तत्पु. )** મહેલની છત ઉપર **सुखोपविष्टानाम् ( सुखम् उपविष्टः, तेषाम् – द्वि. तत्पु. )** સુખપૂર્વક બેઠેલા **पुरस्तात्** સામે **प्रस्तावक्रमेण ( प्रस्तावस्य क्रमः – ष.तत्पु. )** પ્રસ્તાવના ક્રમથી, રજૂઆતના ક્રમપૂર્વક **शृणुत ( शृ आ. अ. ए.व. )** સાંભળજો, સાંભળો. **काव्य–शास्त्र–विनोदेन ( काव्यं च शास्त्रं च काव्यशास्त्रे – ( इ.द्व. ), काव्यशास्त्रयोः विनोदः – ष.तत्पु. )** કાવ્ય અને શાસ્ત્રના આનંદથી **गच्छति ( गम् > गच्छ् व. अ. ए.व. )** પસાર થાય છે. **धीमताम्** બુદ્ધિમાન માણસોનો **व्यसनेन** દુર્વ્યસનથી (અર્થાત્ કુટેવોમાં સમય પસાર કરીને) **निद्रया** ઊંઘ દ્વારા **कलहेन** ઝઘડા થકી **वा** અથવા **भवताम् ( भवत् ( सर्वनाम् ) पुं. ष. ब.व. )** આપના, તમારા **विनोदाय** ખુશીને માટે, પ્રસન્નતાને માટે **काक–कूर्मादीनाम् ( काकः च कूर्मः च – काककूर्मौ, काककूर्मौ आदिः येषाम् ते, तेषाम् – बहु. )** કાગડા અને કાચબા વગેરેની **सम्प्रति** અત્યારે **मित्रलाभः ( मित्राणाम् लाभः – ष. तत्पु. )** મિત્રલાભ (એ નામનું હિતોપદેશ ગ્રંથનું એક પ્રકરણ) **प्रस्तूयते ( प्र + स्तु कर्म. व. अ. ए.व. )** રજૂ કરવામાં આવી રહ્યું છે. **कङ्कणस्य** કંકણ (હાથમાં પહેરવાનો પાટલો કે કડું)ના **मग्नः** ડૂબેલો **पङ्के** કાદવમાં **सुदुस्तरे** મુશ્કેલીથી તરી શકાય-બહાર આવી શકાય એવા **वृद्ध–व्याघ्रेण ( वृद्धः चासौ व्याघ्रः, तेन–कर्म. )** ઘરડા વાઘે **सम्प्राप्तः** પ્રાપ્ત થયેલો **पथिकः** મુસાફર **सम्मृतः** મરી ગયો. **ऊचुः ( वच् परो. भू. अ. ब.व. )** કહ્યું **दक्षिणारण्ये** દક્ષિણારણ્ય નામના એક વનમાં **स्नातः** સ્નાન કરેલો **कुशहस्तः ( कुशः हस्ते यस्य सः – बहु. )** જેના હાથમાં કુશ-દર્ભ છે તેવા **सरस्तीरे** તળાવના કિનારે **ब्रूते ( ब्रू व. अ. ए.व. )** બોલે છે. **पान्थाः ! ( संबोधन )** હે મસાફરો **गृह्यताम् ( ग्रह् कर्म. आज्ञा अ. ए.व. )** ગ્રહણ કરો, લઈ લ્યો **लोभाकृष्टेन ( लोभात् आकृष्टः – पं. तत्पु. )** લોભથી આકર્ષાયેલા **केनचित्** કોઈક **पान्थेन** મુસાફરે **आलोचितम्** જોયું, વિચાર્યું **सम्भवति ( सम् + भू व. अ. ए.व. )** સંભવે છે. શક્ય છે. **आत्म–सन्देहे ( आत्मनः सन्देहः – ष. तत्पु. )** આત્માને થયેલા સંદેહની બાબતમાં **प्रवृत्तिः न विधेया ( वि + धा + यत् विध्यर्थ कृ. )** પ્રવૃત્ત થવું જોઈએ નહિ. **अनिष्टात् ( न इष्टम्, तस्मात् – नञ् तत्पु. )** અનિષ્ટ - ન ઈચ્છેલા **इष्टलाभे ( इष्टस्य लाभः, तस्मिन् – ष. तत्पु. )** ઈચ્છિત વસ્તુની પ્રાપ્તિ-લાભની બાબતમાં **गतिः जायते ( जन् व. अ. ए.व. )** ગતિ થાય છે **शुभा** કલ્યાણકારી **विषसंसर्गः ( विषेण संसर्गः – तृ. तत्पु. )** વિષનો સંસર્ગ **अमृतम्** અમૃત **मृत्यवे** મરણને માટે **अर्थार्जनप्रवृत्तौ**

**( अर्थस्य अर्जनम् ष. तत्पु. ), ( अर्थार्जनस्य प्रवृत्तिः - ष तत्पु. )** અર્થ-પૈસા કમાવવાની પ્રવૃત્તિમાં **संशयम् अनारुह्य अनारुह्य ( आ + रुह् + क्त्वा > य सं.भू.कृ., न आरुह्य - न. तत्पु. )** સંશય-સાહસ-જોખમ ખેડ્યા વગર **भद्राणि** કલ્યાણકારક **आरुह्य ( आ + रुह् + क्त्वा > य सं.भू.कृ. )** ચઢીને, ખેડીને **जीवति ( जीव् व. अ. ए.व. )** જીવે છે **निरुपयामि ( नि + रूप् व. अ. ए.व. )** ધ્યાનપૂર્વક જોઉં છું, નિરૂપું છું **प्रकाशम्** સંભળાય એવી રીતે, ઊંચેથી (આ ક્રિયાવિશેષણ છે. બીજા સાંભળી શકે એ રીતે બોલવાની ક્રિયા માટે **प्रकाशं ब्रूते** એવો પ્રયોગ થાય છે.) **प्रसार्य ( प्र + सृ + प्रे. + त्वा > य सं.भू.कृ. )** ફેલાવીને **दर्शयति ( दृश् ( प्रे. ) व. अ. ए.व. )** દેખાડે છે. **मारात्मके ( मारः आत्मा यस्य सः, तस्मिन् - बहु. ) त्वयि** હિંસક એવા તારા વિશે **शृणु ( श्रृ आ. म. ए.व. )** સાંભળ **यौवनदशायाम् ( यौवनस्य दशा, तस्याम् - ष.तत्पु. )** યુવાનીની અવસ્થામાં **दुर्वृत्तः** ખરાબ વર્તનવાળો, ખરાબ આચરણ કરનાર **आसम् ( अस् ह्य. उ. ए.व. )** હતો. **अनेक-गो-मानुषाणाम् ( गावः च मानुषाः च गोमानुषाः इ.द्व. । अनेके चामी गोमानुषाः, तेषाम् - कर्म. )** અનેક ગાયો અને માણસોનો **वधात्** વધ કરવાને કારણે **मे** મારી **दाराः** પત્ની **( दाराः** શબ્દ નિત્ય બહુવચનાન્ત છે. **) वंशहीनः ( वंशेन हीनः - तृ.तत्पु. )** વંશ વગરનો, સંતાન વગરનો **जातः** થઈ ગયો. **केनचित्** કોઈકે **उपदिष्टः ( उप + दिश् + क्त > त क.भू.कृ. )** ઉપદેશ કર્યો **दान-धर्मम् ( दानम् एव धर्मः, तम् - कर्म. )** દાન-ધર્મને **चरतु ( चर् आ.अ.ए.व. )** આચરણ કરો **तदुपदेशात् ( तस्य उपदेशः - तस्मात्, ष.तत्पु. )** તેના ઉપદેશથી **स्नानशीलः ( स्नानं शीलं यस्य सः - बहु. )** સ્નાનથી પવિત્ર થયેલો **दाता ( दातृ पुं. प्र. ए.व. )** આપનાર **गलितनखदन्तः ( नखाः च दन्ताः च ( इ.द्व. ), गलिताः नखदन्ताः यस्य सः - बहु. )** ગળી ગયા છે નખ અને દાંત જેના એવો **विश्वास-भूमिः ( विश्वासस्य भूमिः - ष.तत्पु. )** વિશ્વાસનું સ્થળ, વિશ્વાસુ **एतावान्** આટલો **लोभविरहः ( लोभात् विरहः - पं.तत्पु. )** લોભથી વિરહ, લોભ વગરનો **स्व-हस्त-स्थम् ( स्वस्य हस्तः, ( ष.तत्पु. ) स्वहस्ते तिष्ठति इति - उप. तत्पु. )** પોતાના હાથમાં રહેલા **यस्मै कस्मैचित्** જે કોઈને, ગમે તેને **दातुम् ( दा + तुम् हे.कृ. )** આપવા માટે **दुर्गतः** દુર્ગતિને પામેલો **सयत्नः ( यत्नेन सह - बहु. )** પ્રયત્નશીલ, પ્રયત્નવાળો **सरसि** સરોવરમાં **स्नात्वा ( स्ना + त्वा सं.भू.कृ. )** નહાઈને **संगृहाण ( सम् + ग्रह् आज्ञा. म. ए.व. )** લઈ લે **तद्-वचःप्रीतः ( तस्य वचः ( ष.तत्पु. ), तद्वचसा प्रीतः - तृ.तत्पु. )** તેના કહેવાથી ખુશ થયેલો **सरः ( सरस् नपुं. द्वि. ए.व. )** સરોવરમાં **प्रविष्टः** પ્રવેશ્યો **तावत्** તેવો જ **महापङ्के** ઊંડા કાદવમાં **निमग्नः ( नि + मस्ज् + त क.भू.कृ. )** ડૂબી ગયો **पलायितुम् ( परा + अय् + तुम् हे.कृ. )** નાસી જવા માટે **अक्षमः** અસમર્થ **पतितम् ( पत् + त क.भू.कृ. )** પડેલાને **अहह !** અરે રે **उत्थापयामि ( उत् + स्था + ( प्रे. ) + व. उ. ए.व. )** ઊભો કરું છું. **शनैः शनैः** ધીરે ધીરે **उपगम्य ( उप + गम् + त्वा > य सं.भू.कृ. )** પાસે જઈને **धृतः** પકડાયેલો **अचिन्तयत् ( चिन्त् ह्य. अ. ए.व. )** વિચારવા લાગ્યો **धर्मशास्त्रम्** ધર્મશાસ્ત્રને **कारणम्** કારણે **दुरात्मनः** દુષ્ટ માણસનો **अतिरिच्यते ( अति + रिच् कर्म. व. अ. ए.व. )** આગળ વધી જાય છે. **प्रकृत्या** કુદરતી રીતે **भद्रम्** કલ્યાણકારક, સારું **कृतम्** કર્યું **इति चिन्तयन् ( चित् + शतृ वर्त.कृ. )** એવું વિચારતો **धृत्वा ( धृ + त्वा सं.भू.कृ. )** પકડીને **व्यापादितः ( वि + आ + पद् ( प्रे. ) + त क.भू.कृ. )** મારી નખાયો **खादितः ( खाद् + त क.भू.कृ. )** ખવાઈ ગયો.

## સન્ધિ

पण्डितोऽब्रवीत् (पण्डितः अब्रवीत्)। कालो गच्छति (कालः गच्छति)। विष्णुशर्मोवाच (विष्णुशर्मा उवाच)। सोऽब्रवीत् (सः अब्रवीत्)। एको वृद्धो व्याघ्रः (एकः वृद्धः व्याघ्रः)। अनिष्टादिष्टलाभेऽपि (अनिष्टात् इष्टलाभे अपि)। गतिर्जायते (गतिः जायते)। यत्रास्ते (यत्र आस्ते)। विषसंसर्गोऽमृतं तदपि (विषसंसर्गः अमृतम् तत् अपि)। चोक्तम् (च उक्तम्)। नरो भद्राणि (नरः भद्राणि)। पुनरारुह्य (पुनः आरुह्य) तन्निरूपयामि (तत् निरूपयामि)। व्याघ्रो हस्तम् (व्याघ्रः हस्तम्)। पान्थोऽवदत् (पान्थः अवदत्)। व्याघ्र उवाच (व्याघ्रः उवाच)। दाराश्च (दाराः च)। चाहम् (च अहम्)। केनचिद्धार्मिकेण (केनचित् धार्मिकेण)। चैतावान् (च एतावान्)। कस्मैचिद्दातुम् (कस्मैचित् दातुम्)। सयत्नोऽहम् (सयत्नः अहम्)। ततो यावदसौ (ततः यावत् असौ)। व्याघ्रोऽवदत् (व्याघ्रः अवदत्)। पतितोऽसि (पतितः असि)। शनैरुपगम्य (शनैः उपगम्य)। स पान्थोऽचिन्तयत् (सः पान्थः अचिन्तयत्)। पठतीति (पठति इति)। चापि (च अपि)। स्वभाव एवात्र (स्वभावः एव अत्र)। तथातिरिच्यते (तथा अतिरिच्यते)। चिन्तयन्नेवासौ (चिन्तयन् एव असौ)। खादितश्च (खादितः च)॥

## સ્વાધ્યાય

**1. यथास्वं विकल्पम् चित्वा लिखत।**

(1) धीमताम् काल: केन प्रकारेण गच्छति ?

(क) व्यसनेन (ख) कलहेन (ग) काव्यशास्त्रविनोदेन (घ) क्रीडाविनोदेन

(2) इदं ............... गृह्यताम्।

(क) सुवर्णकङ्कणम् (ख) ताम्रकङ्कणम् (ग) लोहकङ्कणम् (घ) रजतकङ्कणम्

(3) महापङ्के निमग्न: क: पलायितुम् अक्षम: ?

(क) व्याघ्र: (ख) पथिक: (ग) काक: (घ) कूर्म:

(4) महापङ्के पतितं पथिकम् उत्थापयितुं क: कथयति ?

(क) वृद्धव्याघ्र: (ख) शशक: (ग) शृगाल: (घ) राजपुत्र:

**2. एकेन वाक्येन संस्कृतभाषया उत्तराणि लिखत।**

(1) मूर्खाणां काल: केन प्रकारेण गच्छति ?

(2) वृद्धव्याघ्र: सरस्तीरे किम् अब्रवीत् ?

(3) लोभाकृष्टेन पान्थेन किम् आलोचितम् ?

(4) व्याघ्र: केन कारणेन वंशहीन: जात: ?

**3. માતૃભાષામાં ઉત્તર આપો :**

(1) સંદેહની બાબતમાં મુસાફર શું વિચારે છે ?

(2) મુસાફરને કાદવમાં ખૂંપેલો જોઈને વાઘે શું કહ્યું ?

(3) પાઠમાંથી મળતો બોધ તમારા શબ્દોમાં લખો.

**4. સમીક્ષાત્મક નોંધ લખો :**

(1) વાઘની ચતુરાઈ

(2) લોભવૃત્તિનું પરિણામ

**5. સસંદર્ભ સમજાવો :**

(1) न संशयमनारुह्य नरो भद्राणि पश्यति।

(2) कथं मारात्मके त्वयि विश्वास: ?

•